PGVCL

# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ

રજી. અને કોર્પોરેટ ઓફિસ, નાના મવા મેઇન રોડ, લક્ષ્મીનગર, રાજકોટ – ૩૬૦ ૦૦૪

CIN: U40102GJ2003SGC042908;

ફોન નંબર : (૦૨૮૧) ૨૩૮૦૪૨૫, ૨૩૮૦૪૨૭; ફેક્સ : ૨૩૮૦૪૨૮;

ઈ-મેલ : forum.pgvcl@gebmail.com; વેબસાઈટ : www.pgvcl.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૭/ક્વા-૦૧/૨૦૨૩-૨૪/ ૨૪૩૪-૩ તારીખ : ૨૦ - ૦૭ - ૨૦૨૩

<u>રજી. એડી. પત્ર</u>

પ્રતિ,

શ્રી છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા

મું. પો. : મેસરિયા, તા. : વાંકાનેર, જી. : મોરબી,

પીન કોડ. : ૩૬૩૬૨૧

મોબાઈલ : ૭૫૭૪૯૯૩૮૯૦

વિષય : ૧૫ હો.પા. નું ખેતીવાડી વીજજોડાણ સામાન્ય (એસ.પી.એ.) યોજના હેઠળ આપવા અંગે.

સંદર્ભ: આપશ્રીની રજુઆત તા. ૨૬-૦૬-૨૦૨૩.
( અત્રેના ફોરમની નોંધણી નંબર : ૨૭/ક્વા-૦૧/૨૦૨૩-૨૪ )

મહોદયશ્રી,

આપશ્રી દ્વારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે.

જે આપશ્રીને સુવિદિત થાય, આપના સહકાર સહ, આભાર સહ.

આપનો વિશ્વાસુ,

( સી. જે. ગજેરા )
કા.વા. કન્વીનર
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લી., રાજકોટ

બિડાણ : ઉપર મુજબ.

નકલ સાદર રવાના :

(૧) અધિક્ષક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વર્તુળ કચેરી, મોરબી.

(૨) કાર્યપાલક ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., વિભાગીય કચેરી, વાંકાનેર.

સદર નિર્ણયપત્રની નકલ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ ( ગ્રાહક તકરાર નિવારણ ફોરમ અને લોકપાલ ) વિનિયમો, જાહેરનામા નં.- ૦૨/૨૦૧૯ ની વિનિયમ નં.- ૨.૫૪ અનુસાર, સદર હુકમના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરીને અચૂક મોકલી આપવા વિનંતી.

(૩) નાયબ ઈજનેરશ્રી, પ.ગુ.વી.કં.લી., પેટા વિભાગીય કચેરી, વાંકાનેર ગ્રામ્ય-૨.

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

E-Mail- forum.pgvcl@gebmail.com

પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૨૭/ક્વા-૧/૨૩-૨૪/ 2534-3 તા. 20-07-2023

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ, રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

નોંધણી નંબર -૨૭/ક્વા-૧/૨૩-૨૪, તા.૨૮-૦૬-૨૦૨૩

| | |
|---|---|
| અરજદાર | : અરજદારશ્રી છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા, ગામ: મેસરીયા |
| રજૂઆત કરનાર | :અરજદારશ્રી છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા સાથે ભીમાભાઈ વાલજીભાઈ તથા ભગવાન ઠાકરશી ભૂમિયા |

:: વિરુધ્ધ ::

| | |
|---|---|
| સામાવાળા | : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ., વિભાગીય કચેરી, વાંકાનેર |
| રજૂઆત કરનાર | : શ્રી પી.એસ. ધુલિયા, કાર્યપાલક ઈજનેર, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, વાંકાનેર |

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

:: કોરમ ::

| | |
|---|---|
| ૧) ચેરપર્સન | - શ્રી એન.સી. મકવાણા |
| ૨) સભ્ય (ટેકનીકલ) | - શ્રી આર.સી.પટેલ |
| ૩) સભ્ય (સ્વતંત્ર) | - શ્રીમતી નીતીનાબેન એચ. જોષી |

| | |
|---|---|
| સુનાવણી સ્થળ: | કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, વર્તુળ કચેરી, મોરબી |
| તારીખ: | ૧૨-૦૭-૨૦૨૩ (બુધવાર) |

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૨-૦૭-૨૦૨૩ (બુધવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ છે કે અરજદારશ્રી છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા વાંકાનેર તાલુકાના મેસરીયા ગામની સીમ જમીન સ.નં. ૩૯૫/૨ પૈકી ૧ વાળી ખેત જમીનમા વીજકંપનીમા ૧૫ હો.પા.નું સામાન્ય (એસ.પી.એ) યોજના હેઠળનું ખેતીવાડી વીજજોડાણ લેવા સને ૨૦૨૨માં અરજી કરેલ જે અનુસંધાને નવા વીજજોડાણ મેળવવા માટે તા.૨૭.૦૯.૨૦૨૧ ના રોજ રૂા.૨૩૬/-તથા એસ્ટીમેટ અનુસાર ચાર્જ પેટે રસીદ નં.૮૩૯૪૮૩-૮૪ અને ૮૫ મુજબ તા.૧૨.૦૫.૨૦૨૨ ના રોજ વીજસર્વિસ કનેકશન એટસ્ટીમેટ મુજબની રકમ રૂા.૧૨૦૦૦/- ૩૦૦/- ૩૦૩૦/- મળી કુલ રૂા.૧૫,૩૩૦/- (અંકે રૂપીયા પંદર હજાર ત્રણસો ત્રીસ પુરા) ભરેલ છે તેમછતાં આજદિન સુધી વીજજોડાણ મળેલ નથી.

૨.૧ પીજીવીસીએલ વાંકાનેર કચેરી તરફથી કોઈ જાણ ન થવાથી અરજદારે માહીતી અધિકારના ૨૦૦૫ના કાયદા મુજબ તા.૧૧.૦૩.૨૦૨૩ના રોજ આ વીજજોડાણ અંગેની નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ મું.વાકાનેર જી.મોરબી પાસે માહીતી માંગેલ જે ધ્યાને લઈ વીજકંપની વાંકાનેર દ્વારા કોઈપણ પ્રકારના ફોરવર્ડીંગ પત્ર વગર ફકતને ફકત તા.૩૦.૫.૨૦૨૨ ના રોજની ૨૬ નોટીસની ઝેરોક્ષ નકલ તથા તા.૧૮.૦૫.૨૦૨૨ ના રોજ નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાએ કરેલ વાંધા અરજીની નકલ મોકલેલ.

૨.૨ અરજદારે માંગેલ વીજજોડાણ અંગે કોઈ સ્પષ્ટતા કરેલ નથી અને અરજદારે વીજકંપનીમાં ભરેલ વીજજોડાણના પૈસા અંગેનો પણ કોઈ ઉલ્લેખ શુધ્ધા કરેલ નથી કે તે અંગેની કોઈ માહીતી કે કોઈ કાર્યવાહી અંગેની જાણ પણ આજદિન સુધી અરજદારને કરવામાં આવેલ નથી.

૨.૩ વીજળી કનેકશન મેળવવા માટે ડીપોઝીટ ભર્યાને આજે લગભગ પોણા બે વરસ જેટલો સમય વ્યતિત થઈ ગયેલ છતા આ અંગેની કોઈ જાણકારી અરજદારને કરવામાં આવેલ નથી. (વીજજોડાણ મેળવવા અર્થે ભરેલ જી.ઈ.બી. કચેરીની પહોંચોની ઝેરોક્ષ નકલ આ સાથે સામેલ છે.) જે વ્યકિતએ વાંધા અરજી આપેલ છે. તે નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા અરજદારના સગા નાનાભાઈ થાય છે જેના દ્વારા વાંધા અરજી આપેલ છે.

૨.૪ અરજદારે તા.૧૭.૧૨.૨૦૨૨ ના રોજ અરજદારના ભાઈ નાથાભાઈએ આપેલ વાંધા અરજી સામે અરજદારે પણ વાંધા અરજી આપી તેમના કબ્જા ભોગવટાવાળી તે રે.સ.નં. ૨૪૧ પૈકી ૧ વાળી સીમ જમીનનું કનેકશન રદ કરવાની માંગણી કરેલ છે. તેમ છતા જી.ઈ.બી. વાકાનેર તરફે કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી આ બાબતે કોઈ કાર્યવાહી ન કરતા અરજદારે તા.૧૫.૦૫.૨૦૨૨ ના વકીલ મારફતે રજી.એ.ડી. થી નાથાભાઈ રત્નાભાઈ કમખાણીયાને નોટીસ આપી અને વાંધા અરજી બાબતે સંમતિ આપવા છેલ્લી ચેતવણી આપેલ છતાં તેઓ દ્વારા આ નોટીસનો જવાબ પણ આપેલ નથી કે સંમતી આપતો કોઈપત્ર પણ વીજકંપનીને આપેલ નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૪ અરજદારે તા.૦૭.૦૬.૨૦૨૩ ના રોજ ફરીથી નાયબ ઈજનેરશ્રી, વાંકાનેર જી.મોરબીને તે નોટીસ સાથે વાંધા અરજી આપેલ તેમ છતાં નાથાભાઈ રત્નાભાઈ કમખાણીયા વાળી સીમ જમીનમા ચાલતુ વીજકનેકશન રદ કરેલ નથી કે સદર અરજી બાબતે કોઇ જવાબ પણ આપેલ નથી. (નોટીસની તા.૭/૬/૨૦૨૩ ની નકલ રજુ કરેલ છે.)

નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાના કબ્જા ભોગવટાવાળી સીમ જમીનમા કોળી રત્ના ભલાના નામે હાલ જે વીજકનેકશન ચાલે છે તેમનુ તા.૦૨.૦૪.૨૦૧૦ ના રોજ અવસાન થયેલ છે અને તેઓ ગુજરી ગયાને આજે ૧૩ વર્ષ કરતા વધારે સમય વ્યતિત થઈ ગયેલ છે.

૨.૫ અરજદાર ગુજરનારા કોળી રત્ના ભલાના પુત્ર છે. મોજે મેસરીયાની સીમ જમીન રે.સ.નં.૨૪૧ પૈકી ૧ મા (અદેપરના કેડાનું) વાળી સીમ જમીનમાં આજે પણ ગુજરનાર કોળી રત્ના ભલાના નામે વીજજોડાણ ચાલે છે. પરંતુ તે સીમ જમીનના ૭/૧૨ મા રેવન્યુ રેકર્ડમા ગુજરનાર કોળી રત્ના ભલાનું નામ જ ન હોવા છતાં તેમના નામે કનેકશન ચાલુ રાખવામાં આવેલ છે એટલે કે જેનું નામજ તે સીમ જમીનના રેવન્યુ રેકર્ડ ઉપર અસ્તિત્વજમા નથી છતા તેના નામે વીજકનેકશન તે સીમ જમીન ઉપર ચાલુ છે તે ચાલુ રાખી શકાય નહી. ઉપર મુજબનું વીજજોડાણ ચાલુ રાખવું તે કાયદાકીય રીતે ગંભીર ગુનો બને છે એવું અમો વાંધો લેનાર અરજદારનું સ્પષ્ટપણે માનવું છે. તેમજ જેઓના નામ હાલ આ સર્વે નંબરમા ચાલુ છે, અને જેઓ હયાત છે. તેઓએ પણ આ વીજકનેકશન ચાલુ રાખવા માટે હવે સખત વાંધો લીધેલ છે. તેવા સભ્યો (૧) ભીમાભાઈ વાલજીભાઈ કુમખાણીયા (૨) બધીબેન રત્નાભાઈ કુમખાણીયા તથા અમો (૩) છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા વાંધા અરજી તા.૨૩.૦૬.૨૦૨૩ ના રોજ આપી કોળી રત્ના ભલાના નામે ચાલતું વીજકનેકશન તાત્કાલિક અસરથી રદ કરવા માટે અરજી આપેલ છે. અન્ય એક સભ્યનું નામ રે.સ.નં.૨૪૧

પૈકી ૧ મા ચાલે છે તે મોતીબેન રત્નાભાઈ કુમખાણીયા પણ ગુજરી ગયેલ છે, એટલેકે જે સભ્યો હયાત છે. તે સભ્યો પૈકી ઉપર જણાવેલ ક્રમ (૧) થી (૩) સભ્યશ્રીઓ દ્વારા કોળી રત્ના ભલાના નામે ચાલતું વીજ કનેકશન રદ કરવા માટે સખત વાંધો લેવા છતાં નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ- મું.વાકાનેર જી. મોરબી આ બાબતે કોઈ કાર્યવાહી કરતા નથી. જે ખરેખર કાયદાની વિરૂધ્ધ છે.

૨.૬ અરજદારની રજૂઆત મુજબ તેઓ સાવ ગરીબ વર્ગના ખેડૂત છે અને ઉપરોકત કબજા ભોગવટાવાળી સીમ જમીનમા જો વીજળી કનેકશન આપવામાં આવે તો કુટુંબનો જીવન નિર્વાહ સારી રીતે ચલાવી શકીએ તેમ છીએ. તેમ જણાવવા છતાં નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ મે.વાકાનેર તરફે કોઈ કાર્યવાહી કરેલ નથી. માત્ર ને માત્ર નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાની વાંધા અરજીને જ ધ્યાને લઈ કનેકશન આજદિન સુધી આપેલ નથી,

૨.૭ નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાવાળી કબજા ભોગવટાવાળી સીમ જમીનમાં કોળી રત્ના ભલાના નામે વીજ કનેકશન હાલ ચાલુ છે જે સીમ જમીનમા ઉપર જણાવેલ હકીકતે રેવન્યુ રેકર્ડમા જ કોળી રત્ના ભલાનું નામ ન હોવા છતા ૧૩ વર્ષથી વધારે સમયથી તે કનેકશન ચાલુ છે તે તાત્કાલીક અસરથી રદ કરવું જોઈએ કારણકે તે રે.સ.નં.૨૪૧ પૈકી ૧ ના ૭/૧૨ ના રેવન્યુ રેકર્ડમા અરજદાર છના રત્ના કુમખાણીયા, ભીમાભાઈ વાલજીભાઈ હવે ચાલુ રાખવામા અરજદારનો સખત વાંધો છે. કારણકે આ નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાએ અરજદારના કબજા ભોગવટાવાળી સીમ જમીનમા કનેકશન આપવા સારૂ વાંધા અરજી કરેલ છે. સદર બાબતે નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ વાકાનેર જી.મોરબીને જણાવવા છતાં તેઓએ કોળી રત્ના ભલાનું કનેકશન આજદિન સુધી રદ કરવાની કાર્યવાહી કરેલ નથી કે અરજદારે માંગેલ વીજજોડાણ અંગે મગનું નામ મરી ન પાડી હજુ સુધી વીજકનેકશન આપેલ નથી. આમ વીજકંપનીના અધિકારીશ્રીની બે ધારી નીતિ અખત્યાર કરવામાં આવી રહી છે. જે કાયદાકીય રીતે સુસંગત નથી.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

૨.૮ આમ, અરજદારે છનાભાઈ રત્નાભાઈ તથા ભીમાભાઈ વાલજીભાઈ કમખાણીયા તથા બધીબેન રત્નાભાઈ કમખાણીયાનું સ્પષ્ટપણે માનવું છે. ઉપરોકત તમામ હકીકતોને ધ્યાને લઈ અરજદારની સ્પષ્ટપણે રજુઆત છે કે જો નાથાભાઈ રત્નાભાઈવાળી સીમ જમીનમા હાલ જે વીજકનેકશન ચાલુ છે. અરજદાર તથા ભીમાભાઈ તથા બધીનેનની વાંધા અરજીને ધ્યાને લઈ તે કનેકશન તાત્કાલિક અસરથી રદ કરવું જોઈએ અને જો તે કનેકશન રદ કરવામાં ન આવે તો અરજદારે કરેલ સીમ જમીન સ.નં. ૩૯૫/૨ પૈકી ૧ વાળી સીમ જમીનમા વીજકંપનીમાંથી ૧૫ હો.પા.નું ખેતીવાડી વીજજોડાણ લેવા સામાન્ય (એસ.પી.એ) યોજના હેઠળ કરેલ અરજી માન્ય રાખી તાત્કાલિક અસરથી વીજકનેકશન આપવા બાબતે જરૂરી કાર્યવાહી થવા અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયીક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે વાંકાનેર તાલુકાના મેસરીયા ગામના અરજદાર શ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયાને ૧૫ હો.પા. નું ખેતીવાડી હેતુનું વીજજોડાણ મળવા અંગે નીચે મુજબનો અહેવાલ રજૂ કરેલ છે.

3.૧ વાંકાનેર તાલુકાનાં મેસરીયા ગામનો ખેતીવાડી સર્વે નબર ૩૯૫/૨ પૈકી ૧ એ છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયા તેમજ બધીબેન રત્નાભાઈ કુમખાણીયા અને નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાની સંયુક્ત માલીકીનો છે.

આ સર્વે નંબરમાં ખેતીવાડી પીયત હેતુનું વીજજોડાણ મેળવવા માટે તા.૨૭.૦૯.૨૦૨૧ ના રોજ શ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયા એ જરૂરી ડોક્યુમેન્ટ્સ તથા સહભાગીદારો બધીબેન રત્નાભાઈ કુમખાણીયા અને નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાના નોટરાઇઝ્ડ સંમતીપત્રક સાથે એસ.પી.એ. સ્કીમ હેઠળ વાંકાનેર રૂરલ-૨

પેટાવીભાગ ખાતે અરજી કરેલ. જેના એસ.આર. નંબર ૧૪૨૩૦૯૮૧ છે તેમજ રર્જીસ્ટ્રેશન ફી રૂ.૨૩૬/- અરજદાર દ્વારા પહોચ નંબર ૭૯૨૮૦૨ તા.૨૭.૦૯.૨૦૨૧ થી ભરપાઈ કરવામાં આવેલ છે.

૩.૨ અરજદારનો અગ્રતાક્રમ આવતા તા.૨૨.૦૪.૨૦૨૨ ના રોજ જાવકનંબર-૯૦૮૭ દ્વારા અરજદારને રૂ.૧૫૩૩૦/- નું નિયમાનુસાર અંદાજપત્ર આપવામાં આવેલ. જે અંદાજપત્ર અરજદાર શ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા તા. ૧૨.૦૫.૨૦૨૨ દ્વારા પહોચ નંબર ૮૩૯૪૮૩, ૮૩૯૪૮૪, ૮૩૯૪૯૫ દ્વારા ભરપાઈ કરવામાં આવેલ તેમ જ કરારનામું પણ કરવામાં આવેલ છે.

૩.૩ તા.૧૮.૦૫.૨૦૨૨ ના રોજ ઉપરોક્ત સહીયારી જમીન સર્વે નંબર ૩૯૫/૨ પૈકી ૧ ના સહભાગીદાર શ્રી નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાએ વાંકાનેર કચેરીને લેખીત અરજી આપેલ કે ઉપરોક્ત સર્વે નંબરમાં તેઓ સંયુક્ત માલીકી ધરાવે છે તેમ જ તેમના ભાઈ છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયાએ તેમની ખોટી સહીઓ કરીને સંમતીપત્રક રજૂ કરેલ છે. તેઓએ કોઈ સહી કરેલ નથી તેમ જ આ કનેક્શન આપવા સામે સહભાગીદાર તરીકે વાંધો રજૂ કરેલ. આ અરજીના અત્રેની કચેરીના ઇનવર્ડ નંબર ૩૫૨/ તા૧૯.૦૫.૨૦૨૨ છે. કે આ અરજીના અનુસંધાને જમીનના સહભાગીદારની સહમતી ન હોવાથી નીયમાનુસાર વીજજોડાણ રદ ની નોટીસ અત્રેની કચેરી દ્વારા જાવક નંબર ૯૯૭૪, તા.૨૦.૦૫.૨૦૨૨ દ્વારા અરજદાર શ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયાને આપવામાં આવેલ.

૩.૪ શ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયાની મેસરીયા ગામના સર્વે નંબર ૨૪૧ પૈકી ૧ માં હયાત ખેતીવાડી વીજોડાણ નંબર ૮૮૦૨૪/૦૦૩૬૧/૯, કોળી રત્નાભાઈ ભલાભાઈનું વિજજોડાણ રદ કરવાની અરજી અંગે નીચે મુજબની રજૂઆત કરેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

1. ગ્રાહક નંબર ૮૮૦૨૪/૦૦૩૬૧/૯, ગ્રાહકનું નામ કોળી રત્નાભાઈ ભલાભાઈ વાળા વીજજોડાણની કંજ્યુમર કેસ ફાઇલ ચકાસતા, સદર વીજજોડાણ તા.૨૦,૦૯,૨૦૦૫ ના રોજ રીલીજ થયેલ છે. આ વીજજોડાણ સર્વે નંબર ૨૪૧ માં આપવામાં આવેલ છે, કેસ ફાઇલ માના જમીન ના ૭-૧૨ અને ૮-અ ના ઉતારા મુજબ તે સમયે સદર જમીનના માલીકો ૧, રત્નાભાઈ ભલાભાઈ તથા ૨, વાલજીભાઇ ભલાભાઈ છે, જે તે સમયે ગ્રાહકે સહભાગીદર શ્રી વાલજીભાઇ ભલાભાઈની સહમતી જોડેલ છે.
2. સદર વિજજોડાણ રદ કરવા અંગેના જરૂરી આધાર પુરાવાઓ તેમ જ ઉપરોક્ત સર્વે નંબર વારસાઈમાં ગયેલ હોય તો હાલ તેના વારસદારો/માલીક/કબજેદારો ની નિયમાનુસારના આધાર-પુરાવા સાથેની અરજી મળ્યે જ વીજજોડાણ રદ કરવા અંગેની કાર્યાવહી કરી શકાય.

૩.૫ અરજદારશ્રી છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા તા.૧૧.૦૩.૨૦૨૩ ના રોજ કરેલી અરજીઓ તથા માહીતી અધીનીયમ હેઠળ માગેલ માહીતીના પ્રત્યુતરો તેઓને અપાયેલ છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારે અને સામાવાળાની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૪.૧ અરજદારની રજૂઆત મુજબ વાંકાનેર તાલુકાના મેસરીયા ગામના ખેતીવાડી સર્વે નબર ૩૯૫/૨ પૈકી ૧ એ છનાભાઇ રત્નાભાઈ કુમખાણીયા તેમજ બધીબેન રત્નાભાઈ કુમખાણીયા અને નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાની સંયુક્ત માલીકીની જમીનમાં નવું ખેતીવાડી વીજજોડાણ ૧૫ હોપાનું લેવા માટે નોંધણીચાર્જ રૂ.૨૩૬/- રસીદ નં ૭૯૨૮૦૨ તા.૨૭-૦૯-૨૦૨૧ થી કુમખાણીયા છનાભાઇ રત્નાભાઈ નામે અરજી કરેલ. જે અનુસંધાને પીજીવીસીએલ દ્વારા અગ્રતાક્રમ મુજબ તા.૨૨-૦૪-૨૦૨૨ ના રોજ રૂ.૧૫૩૩૦/- નું ભાવપત્રક અપાયેલ રસીદ નં ૮૩૯૪૮૩-૮૪-૮૫, તા.૧૨-૦૫-૨૦૨૨ ના રોજ રકમ ભરપાઈ કરેલ છે.

૪.૨ ત્યારબાદ સદર વીજજોડાણ અંગે પીજીવીસીએલ દ્વારા કોઈ કાર્યવાહી ન થતા અરજદારે તા.૧૧-૦૩-૨૦૨૩ ના રોજ નાયબ ઈજનેર વાંકાનેર પીજીવીસીએલ પાસે માહિતી અધિકાર-૨૦૦૫ ના કાયદા હેઠળ સદર અરજી અન્વયે થયેલ કાર્યવાહીની માહિતી માંગેલ, જે અનુસંધાને સામેવાળા દ્વારા કોઇપણ પ્રકારના મુખ્ય પૃષ્ઠ પત્ર વગર તા.૩૦-૦૫-૨૦૨૨ ના રોજ ફક્ત રદ નોટીસની નકલ તથા તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાએ કરેલ વાંધા અરજીની નકલ આપેલ.

૪.૩ અરજદાર દ્વારા ઉપરોક્ત બાબતે તા.૧૭-૧૨-૨૦૨૨ ના રોજ વાંધો લેનાર નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા રે. સર્વે નંબર : ૨૪૧ પૈકી ૧ વાળી જમીનમાં જે વીજજોડાણ ચાલુ છે તે કોળી રત્ના ભલાના નામનું વીજજોડાણ ચાલુ છે, જેમનું અવસાન તા.૦૨-૦૪-૨૦૧૦ ના થયેલ છે, સદર સર્વેમાં હાલ ગુજરનાર કોળી રત્ના ભલાનું નામ નથી છતાં વીજજોડાણ ચાલુ છે, જે કાયદાકીય રીતે ચાલુ રાખી શકાય નહિ. જેથી સદર વીજજોડાણ રદ કરવા (૧) ભીમાભાઈ વાલજીભાઈ કુમખાણીયા (૨) બધીબેન રત્નાભાઈ કુમખાણીયા તથા ફરિયાદી અરજદાર છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા વાંધા અરજી તા.૨૩.૦૬.૨૦૨૩ ના રોજ આપી કોળી રત્ના ભલાના નામે ચાલતું વીજકનેકશન તાત્કાલિક અસરથી રદ કરવા માટે અરજી આપેલ છે. તે ઉપરાંત અન્ય એક સભ્યનું મોતીબેન રત્નાભાઈ કુમખાણીયાનું નામ નામ રે.સ.નં.૨૪૧ પૈકી ૧ મા ચાલે છે પણ તે ગુજરી ગયેલ છે, એટલેકે જે સભ્યો હયાત છે. તે સભ્યો પૈકી ઉપર જણાવેલ ક્રમ (૧) થી (૩) સભ્યશ્રીઓ દ્વારા કોળી રત્ના ભલાના નામે ચાલતું વીજ કનેકશન રદ કરવાની અરજી કરવા અને અરજદાર દ્વારા નવા વીજજોડાણની અરજી માન્ય રાખીને વીજજોડાણ આપવા અરજદારે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૪.૪ અરજદાર દ્વારા માહીતી અધિકાર અધિનિયમન ૨૦૦૫ મુજબ તા.૧૧.૦૩.૨૦૨૩ના રોજ આ વીજજોડાણ અંગેની નાયબ ઈજનેરશ્રી, પીજીવીસીએલ, મું.વાકાનેર પાસે નવા ખેતીવાડી વીજજોડાણની અરજી અન્વયે તા.૧૨/૦૫/૨૦૨૨ ના રોજ ભાવપત્રકની રકમ ભરપાઈ કરેલ છે, તેમછતાં વીજજોડાણ અપાયેલ નથી. જે અનુસંધાને અરજદાર દ્વારા તા.૧૭/૧૨/૨૦૨૨ ના રોજ લેખિત રજૂઆત પણ આપેલ છે, તેમ છતાં સદર વીજજોડાણ બાબતે થયેલ કાર્યવાહીની માહિતી ન હોવાથી અરજદારે સદર વીજજોડાણની અરજી બાબતે વિગતવાર માહીતી આપવા રજૂઆત કરેલ હતી. જે અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારની તા.૩૦.૦૫.૨૦૨૨ ના રોજ તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા અપાયેલ વાંધા અરજી અને જે અનુસંધાને સદર વીજજોડાણ રદ કરવાની નોટીસ તા.૩૦-૦૫-૨૦૨૨ થી અરજદારને મોકલાવેલ છે, પરંતુ અરજદારને વીજજોડાણ મળવા અંગેની માહિતી લેખીતમાં પીજીવીસીએલ દ્વારા આપેલ નથી. સદર બાબતે અરજદારને તા.૩૦-૦૫-૨૦૨૨ ની રદ અંગેની નોટીસ જે તે સમયે અરજદારને મળેલ નથી, તેમજ સદર બાબતે સામેવાળા દ્વારા સદર નોટીસ અરજદારને મળેલ હોય, તે અંગેનાં આધાર-પુરાવા રજુ કરેલ નથી જે ગંભીર બાબત છે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Rajkot

૪.૫ અરજદારની ફરિયાદ અન્વયે પીજીવીસીએલ પક્ષકાર દ્વારા કરાયેલ લેખિત રજૂઆત પત્ર નં:૪૦૩૦ તા.૦૭-૦૭-૨૦૨૩ મુજબ ફરિયાદી અરજદાર દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણની અરજી અન્વયે જોડેલ આધાર-પુરાવા મુજબ ગામ નમુનો નં_૭/૧૨ પ્રમાણે ગામ:મેસરિયા તા.વાંકાનેર જી.મોરબીના સર્વે નંબર ૩૯૫/૨ પૈકી ૧ માં ખાતેદારોના નામ (૧) છનાભાઈ રત્નાભાઈ કુમખાણીયા (૨) બધીબેન રત્નાભાઈ કુમખાણીયા (૩) નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા છે, જે અનુસંધાને અરજદાર દ્વારા પોતાના નામે વીજજોડાણ લેવાનું હોવાથી અન્ય ખાતેદારો (૧) બધીબેન રત્નાભાઈ કુમખાણીયા તથા (૨) નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયાની નોટરાઈઝ સમંતિ જોડેલ છે, તે મુજબ અરજદારને વીજજોડાણ આપવાની નિયમાધીન કાર્યવાહી હાથ ધરેલ તે દરમ્યાન સહ ખાતેદાર શ્રી નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા વાંધા અરજી આપેલ તે મુજબ ફરિયાદી

અરજદાર દ્વારા વીજજોડાણ લેવા માટે ખોટુ સમંતિપત્ર રજુ કરેલ હોવાથી તેમજ સમંતિ કે કોઈ સહી કરેલ નથી, જેથી વીજજોડાણ આપવા સામે વાંધો ઉઠાવેલ જે અન્વયે પીજીવીસીએલ દ્વારા સદર વીજજોડાણની કાર્યવાહી હાલ સ્થગિત થયેલ છે, તેમજ વાંધો લેનાર વ્યક્તિ સાથે સમાધાન માટે આપના દ્વારા જરૂરી કાર્યવાહી કરવા નોટીસ જાવક નં-૯૬૭૪ તા.૨૦.૦૫.૨૦૨૨ થી ફરિયાદી અરજદારને જાણ કરેલ છે.

૪.૬ વધુમાં ફરિયાદી અરજદારની રજૂઆત મુજબ સર્વે નંબર ૨૪૧ પૈકી ૧ માં હયાત ખેતીવાડી વીજજોડાણ: ૮૮૦૨૪/૦૦૩૬૧/૯ થી કોળી રત્નાભાઈ ભલાભાઈના નામે વીજજોડાણ ધરાવે છે. જે વીજજોડાણ રદ કરવા રજૂઆત આપેલ છે, તે અંતર્ગત પીજીવીસીએલના અહેવાલ મુજબ સદર વીજજોડાણ તા.૨૦-૦૯-૨૦૦૫ ના રોજ રત્નાભાઈ ભલાભાઈના સર્વે નંબર :૨૪૧ માં આપવામાં આવેલ જેની કેસ ફાઈલમાં ૦૭/૧૨, ૮-અ ના ઉતારા મુજબ જમીનના ખાતેદાર (૧) રત્નાભાઈ ભલાભાઈ તથા (૨) વાલજીભાઈ ભલાભાઈ નોંધાયેલ છે, અને જે તે સમયે સહભાગીદાર શ્રી વાલજીભાઈ ભલાભાઈની સહમતી જોડેલ છે, સદર વીજજોડાણ રદ કરવા જરૂરી આધાર-પુરાવા તેમજ સદર સર્વે નંબર વારસાઈમાં ગયેલ હોય, તેની નિયમાનુસારના આધાર-પુરાવા સાથે અરજી મળ્યેથી વીજજોડાણ રદ કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સદર બાબતે ફરિયાદી અરજદાર દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

૪.૭ અરજદારની ફરિયાદ મુજબ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા નવા ખેતીવાડી વીજજોડાણની અરજી સાથે જરૂરી આધાર-પુરાવા જોડેલ છે તેમાં સર્વે નંબર : ૩૯૫/૨ પૈકી ૧ માં બોર ધરાવે છે તે અંગેનો તલાટી કમ મંત્રી ગામ : મેસરિયાનો દાખલો તથા ગામ નમુના નં-૭/૧૨ માં એક કરતા વધુ ખાતેદારો હોવાથી વીજજોડાણની અરજી કરનાર સિવાયના અન્ય ખાતેદારોની નોટરાઈઝ સમંતિ જોડેલ છે તે મુજબ સદર ફરિયાદી અરજદારને નિયમ અનુસાર વીજજોડાણ આપવામાં આવે તે બાબતે કોઈપણ જાતનો વાંધો કે તકરાર ઉભી કરીશું નહિ કે કોર્ટનો સહારો લેશું નહિ, તે અંગે (૧) બધીબેન રત્નાભાઈ કુમખાણીયા તથા (૨) નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા આપેલ નોટરાઈઝ સમંતિ જોડેલ છે.

જે અનુસંધાને પીજીવીસીએલ પક્ષકાર દ્વારા અરજદારને વીજજોડાણ આપવા અંગેની કાર્યવાહી હાથ ધરીને અરજીની નોંધણી એસ.આર.નં -૨૪૧૩૦૯૮૧ તા.૨૭-૦૯-૨૦૨૧ થી કરેલ છે, જેની નોંધણી ફી અરજદાર દ્વારા રૂ.૨૩૬/- પહોચ નં-૭૯૨૮૦૨ થી ભરપાઈ કરેલ છે, ત્યારબાદ પીજીવીસીએલ પક્ષકાર દ્વારા સદર અરજીના અગ્રતાક્રમ મુજબ ભાવપત્રક રૂ.૧૫૩૩૦/- પત્ર નં-૯૦૮૭ તા.૨૨-૦૪-૨૦૨૨ થી મોકલાવેલ જે ફરિયાદી અરજદાર દ્વારા તા.૧૨.૦૫.૨૦૨૨ ના રોજ સદર રકમ ભરપાઈ કરેલ છે, અને કરારનામું પણ કરવામાં આવેલ છે.

ત્યારબાદ સદર વીજજોડાણની અરજીમાં જોડેલ સમંતિપત્રકના સંયુક્ત ખાતેદાર નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા દ્વારા તેઓનું ખોટુ સમંતિપત્ર રજુ કરેલ હોવાની વાંધા અરજી તા.૧૮-૦૫-૨૦૨૨ ના રોજ આપેલ જે અન્વયે પીજીવીસીએલ દ્વારા સદર વીજજોડાણ આપવાની કાર્યવાહી સ્થગિત કરેલ છે અને રદ કરવા માટેની નોટીસ અરજદારને તા.૨૦-૦૫-૨૦૨૨ થી આપેલ છે, જે બાબત ફોરમને નિયમાધીન યોગ્ય જણાતી નથી અને સામાવાળા પક્ષની આ ગંભીર ભૂલના કારણે અરજદાર વિજળી માટે નવું કનેકશન મેળવી શક્યા નથી અને કંપનીને પણ વીજબિલની આવકની નુકશાની થયેલી છે જેથી સદર પ્રકારની વાંધા અરજી ધ્યાનમાં ન લેતા સમયસર કાર્યવાહી કરવી જોઈએ અને ભવિષ્યમાં આવી કોઈ તકરાર ન ઉદ્ભવે તેની તકેદારી રાખવા સામાવાળા પક્ષને સૂચના આપવામાં આવે છે.

સદર કેસની સુનાવણી દરમ્યાન સામેવાળાની રજૂઆત મુજબ સદર વીજજોડાણ હાલમાં રદ કરેલ નથી, તેમજ સદર વીજજોડાણ આપવા અંગેના વીજલાઈન અને ટ્રાન્સફોર્મર ઉભા કરવા માટે વીજપોલની કામગીરી

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

પૂર્ણ કરેલ છે. જે બાબતોને ધ્યાનમાં લેતા અરજદારને નવા વીજજોડાણ મળવા અંગેની કાર્યવાહી દિવસ-૩૦ માં પૂર્ણ કરવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપેલ છે.

૪.૮ અરજદારની અન્ય રજૂઆત મુજબ હયાત ખેતીવાડી વીજજોડાણ ગ્રાહક નં-૮૮૦૨૪/૦૦૩૬૧/૯ કોળી રત્નાભાઈ ભલાભાઈના નામે વાંકાનેર તાલુકાના મેસરિયા ગામના સર્વે નંબર : ૨૪૧ પૈકી ૧ માં ચાલુ છે, જે રદ કરવા ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે, પરંતુ સદર વીજંજોડાણની મૂળ કેસ ફાઈલ સામેવાળા દ્વારા રજુ કરેલ છે, તે મુજબ સદર વીજજોડાણ તા.૨૦-૦૯-૨૦૦૫ ના રોજ રીલીઝ કરેલ છે, જેના ગામના નમુના નં-૭/૧૨, ૮-અ જોડેલ છે, તે મુજબ સંયુક્ત ખાતેદાર (૧) રત્નાભાઈ ભલાભાઈ (૨) વાલજીભાઈ ભલાભાઈ છે, અને જે તે સમએ વાલજીભાઈ ભલાભાઈ દ્વારા રત્નાભાઈ ભલાભાઈ ને વીજજોડાણ મળે તે અંગેની સમંતિ જોડેલ હોવાથી નિયમ અનુસાર વીજજોડાણ આપેલ છે. સદરકેસની સુનાવણી દરમ્યાન ફરિયાદીની રજૂઆત મુજબ હાલમાં નાથાભાઈ રત્નાભાઈ કુમખાણીયા ભોગવટો ધરાવે છે, તેમજ પીજીવીસીએલ પક્ષકારની રજૂઆત મુજબ સદર વીજજોડાણના વીજબીલની રકમ નિયમિત રીતે ભરપાઈ થાય છે. આમ, અરજદારની રજૂઆત મુજબ સદર સર્વેમાં હાલ કોળી રત્નાભાઈ ભલાભાઈનું નામ સદર સર્વેમાં ચાલુ ન હોવાથી વીજજોડાણ રદ કરવા રજૂઆત કરેલ છે, જે માન્ય રાખી ન શકાય કારણકે સદર વારસાઈ ખેતીવાડી વીજજોડાણ રદ કરવા માટે પીજીવીસીએલમાં પ્રર્વતમાનમાં રહેલ ગાઈડલાઈન્સ મુજબ કાર્યવાહી અરજદાર દ્વારા કરાયેલ હોય તે અંગેના આધાર-પુરાવા રજુ થયેલ નથી. સદર સંજોગોમાં અરજદારની સદર હયાત વીજજોડાણ રદ કરવાની અરજી ફોરમ દ્વારા માન્ય રાખવામાં આવતી નથી. વધુમાં સદર વીજજોડાણ કોળી રત્ના ભલાનાં નામે ચાલુ છે, જે અરજદાર દ્વારા જોડેલ ડેથ સર્ટીફીકેટ મુજબ તા.૦૨-૦૪-૨૦૧૦ ના રોજ અવસાન થયેલ છે, જેથી સદર વીજજોડાણમાં હાલમાં હયાત ખાતેદારના નામે નામ બદલી કરવાની જરૂરી કાર્યવાહી કરવાની નોટીસ આપવા પીજીવીસીએલ પક્ષકારને સુચના આપવામાં આવે છે.

૪.૯ ઉપરોક્ત મુદ્દા નં. ૪.૭ અને ૪.૮ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૪.૧૦ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Rajkot

| | | |
|---|---|---|
| Joshi Nitin H. | | |
| (એન.એચ.જોષી) | (આર.સી.પટેલ) | (એન.સી.મકવાણા) |
| સભ્ય (સ્વતંત્ર) | સભ્ય (ટેકનીકલ) | ચેરપર્સન |

નોંધ: અરજદાર સદરહુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ રજૂઆત કરવા માટે ગુજરાતવિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે અને કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. લોકપાલશ્રીની કચેરીનું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯.